# <u>પૂરક માહિતી</u>

**પ્રશ્ન–૧ રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની ગુણવત્તાની ચકાસણી માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વિશેષ પદ્ધતિ વિકસાવામાં આવેલ છે કે કેમ?**

**જવાબ :**

હા, રાજ્ય સરકાર દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ગુણવત્તાલક્ષી ચકાસણી અર્થે ગુણોત્સવ ૨.૦ અંતર્ગત GSQAC (GUJARAT SCHOOL QUALITY ACCREDITATION COUNCIL) સેલ ઉભો કરવામાં આવેલ છે અને તમામ સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓનું સ્કુલ ઇન્સપેક્ટર દ્વારા શાળાના તમામ માપદંડોની ચકાસણી કરી શાળાનું નિરીક્ષણ કરી તેને ગ્રેડ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે. આમ, ગુજરાત રાજ્યમાં શાળાઓના નિરીક્ષણની ગુણોત્સવનાં માધ્યમથી એક વિશિષ્ટ પદ્ધતિ વિકસાવેલ છે.

**પ્રશ્નઃ–૨ અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૨૩ સામાન્ય પ્રવાહની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓનું પરિણામ કેવું આવ્યું હતું?**

**જવાબ :**

| અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૨૩ સામાન્ય પ્રવાહની સરકારી શાળાઓનું પરિણામ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા** | **પાસ** | **ટકા** |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૬ | ૬૭ | ૬૩.૨૧ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૫૪૯ | ૩૭૭ | ૬૮.૬૭ |

| અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૨૩ સામાન્ય પ્રવાહની ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓનું પરિણામ | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **જિલ્લો** | **નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા** | **પાસ** | **ટકા** |
| ૧ | અમદાવાદ શહેર | ૨૦૩૮૦ | ૧૩૫૬૫ | ૬૬.૫૬ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૧૨૩૮૧ | ૮૬૬૭ | ૭૦.૦૦ |

**પ્રશ્નઃ–૩ અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૨૪ સામાન્ય પ્રવાહની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓનું પરિણામ કેવું આવ્યું હતું?**

**જવાબ :**

| અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૨૪ સામાન્ય પ્રવાહની સરકારી શાળાઓનું પરિણામ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | પાસ | ટકા |
| ૧ | અમદાવાદ શહેર | ૫૧ | ૫૧ | ૧૦૦.૦૦ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૪૬૪ | ૪૨૮ | ૯૨.૨૪ |

| અમદાવાદ શહેર અને અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૨૪ સામાન્ય પ્રવાહની ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓનું પરિણામ | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા | પાસ | ટકા |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૯૪૫ | ૧૩૯૧૩ | ૮૭.૨૬ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૯૯૮૫ | ૮૮૬૫ | ૮૮.૭૮ |

**પ્રશ્નઃ– ૪ રાજ્ય સરકાર દ્વારા કન્યાઓ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરવા માટે પ્રેરિત થાય તે હેતુસર કોઈ વિશેષ યોજના અમલી કરેલ છે કે કેમ?**

**જવાબઃ–**

પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓના 100 % નામાંકન અને સ્થાયીકરણ અને તેમાં પણ કન્યા કેળવણીની દિશામાં રાજ્ય સરકાર દ્વારા અસરકારક કામગીરી થયેલ છે. માધ્યમિક અને ઊચ્ચતર વિભાગમાં પણ વધુ પ્રમાણમાં કન્યાઓ વધુ પ્રવેશ મેળવી ધોરણ 12 સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તેમજ કિશોર વયની વિદ્યાર્થીનીઓને શિક્ષણની સાથે સાથે પુરતું પોષણ મેવે અને તેમનું સશક્તિકરણ થાય તે હેતુ થી તેઓને આર્થિક સહાય પૂરી પાડવા શૈક્શીંક વર્ષ ૨૦૨૪ 25થી રાજ્ય સરકાર દ્વારા નમો લક્ષ્મી યોજના અમલી કરેલ છે.

આ યોજના અંતર્ગત ધોરણ 9 થી 12માં અભ્યાસ કરતી કન્યાઓને કુલ રૂપિયા 50,000 રૂપિયાની શિષ્યવૃત્તિ આપી પ્રેરિતકરવામાં આવશે.

સદર યોજના અંતર્ગત જે કન્યાઓ સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળા માં ધોરણ–8 નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય, RTE અંતર્ગત સ્વનિર્ભર શાળા માં ધોરણ 1થી 8 નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેમજ સ્વ નિર્ભર શાળા માં ધોરણ 8 નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય અને કુટુંબની વાર્ષિક આવક 6 લાખ કે તેથી ઓછી હોય તેવી તમામ કન્યાઓ ને ધોરણ 9 અને 10 માટે કુલ રૂપિયા 20000 નીસહાય જેમાં માસિક રૂપિયા 500 લેખે બંને વર્ષ ના 10 માસ લેખે કુલ રૂપિયા 10,000 જયારે બાકી ના 10,000 ધોરણ 10 ની પરીક્ષા પાસ કરે થી આપવામાં આવશે અને ધોરણ 11 અને 12 માટે કુલ રૂપિયા 30,000 જેમાં માસિક રૂપિયા 750 મુજબ બની વર્ષ ના મળી કુલ 1,50,000 અને ધોરણ 12 ની પરીક્ષા પાસ કરે થી 15000 ની શિષ્યવૃત્તિ આપવા માં આવશે આમ કુલ મળી ધોરણ 9 થી 12 નો અભ્યાસ પૂર્ણ કરનાર કન્યા ને રૂપિયા 50,000ની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આ શિષ્યવૃત્તિ કન્યાઓ ની માતાઓ ના બેંક એકાઉન્ટ માં સીધી DBT થી ટ્રાન્સફર કરવા માં આવે છે.ચાલુ વર્ષે અંદાજીત 10,00,000 કન્યાઓ આ યોજના નો લાભ મેળવશે.

**પ્રશ્ન–૫ રાજ્ય સરકાર દ્વારા સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે શું પ્રયત્નો હાથ ધરેલ છે?**

**જવાબઃ–**

મિશન સ્કુલ ઓફ એકસેલન્સ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમા કાર્યરત તમામ વર્ગોમાં સ્માર્ટક્લાસ, ઈન્ટરનેટ અને કમ્પ્યુટર લેબની સુવિધા આપવામાં આવેલ છે. આ ઉપરાંત ધોરણ ૯ થી ધોરણ ૧૨ ની કન્યાઓ માટે નમોલક્ષ્મી યોજના અમલી કરેલ છે જેમાં ધોરણ ૯ થી ૧૨ નો અભ્યાસ કન્યાઓ પૂર્ણ કરે ત્યાં સુધી તેઓને કુલ ૫૦,૦૦૦/– ની શિષ્યવૃત્તિ આપવામાં આવશે તે જ રીતે વિજ્ઞાન પ્રવાહ માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને કુલ ૨૫,૦૦૦/– ની શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

**પ્રશ્નઃ– ૬ રાજ્ય સરકાર દ્વારા વિજ્ઞાન પ્રવાહ માં વિદ્યાર્થીઓ ને પ્રવેશ માટે પ્રેરિત કરવા શું આયોજન કરેલ છે?**

**જવાબઃ–**

૨૧ મી સદી વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. જીવનના દરેક ક્ષેત્ર તેમજ રોજગારીની બાબતમાં વિજ્ઞાનલક્ષી શિક્ષણ ની જરૂરિયાત વધી રહેલ છે.ગુજરાતમાં અનેક ભવિષ્ય લક્ષી ઔદ્યોગિક ક્ષેત્રોમાં રોકાણ થઇ રહ્યું છે એડવાન્સ મેન્યુફેક્ચરિંગ ડીજીટલ ટેકનોલોજી, બાયો ટેકનોલોજી, ગ્રીન એનર્જી,એર ક્રાફ્ટ, સેમી કંડકટર જેવી ન્યુ એઈજાં ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઔધ્યોગીકરણ થઈ રહ્યું છે જેથી રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહ નું શિક્ષણ મેળવેલ અને તકનીકી કૌશલ્ય ધરાવનાર યુવા ધન માટે વિપુલ તકોનું નિર્માણ થવાનું છે

ગુજરાત રાજ્યના વધુને વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવી મેડીકલ, ઈજનેરી તથા અન્ય ન્યુ એઈજ તકનીકી ક્ષેત્રોમાં ગુજરાતમાં થઈ રહેલ ભવિષ્ય લક્ષી રોકાણ ને પગલે ઉભી થતી વિપુલ તકોનો લાભ યુવાધન મેળવી શકે તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦24–25 થી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અમલી કરેલ છે. આ યોજના અંતર્ગત ધોરણ 11 અને 12 વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરતા આવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને કુલ રૂપિયા ૨૫૦૦૦ની શિષ્યવૃત્તિ આપી પ્રેરિત કરવામાં આવશે.

સદર યોજના અંતર્ગત જે વિદ્યાર્થીઓનું ધોરણ 10નું પરિણામ 50% કે તેથી વધુ હોય અને સરકારી અથવા અનુદાનિત માધ્યમિક શાળામાં અભ્યાસ કરેલ હોય તેવા ધોરણ 11 વિજ્ઞાનપ્રવાહ માં પ્રવેશ મેળવે તેવા તમામ વિદ્યાર્થીઓ તથા સ્વનિર્ભર માધ્યમિક શાળા માં અભ્યાસ કરેલ હોય અને કુટુંબની વાર્ષિક આવક 6 લાખ કે તેથી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓ ધોરણ 11 વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવે ત્યારે તેમને ધોરણ 11માં માસિક રૂપિયા 1000 લેખે દસ માસ ના કુલ 1૦,૦૦૦ અને 12 માં પ્રવેશ મેળવે ત્યારે માસિક રૂપિયા 1000 લેખે દસ માસના કુલ રૂપિયા 10,000 તથા ધોરણ 12 પાસ કરેલ એટલે રૂપિયા 5000 આમ કુલ મળી 25,000 રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. આ શિષ્યવૃત્તિ વિદ્યાર્થીઓની માતાઓના બેંક એકાઉન્ટમાં સીધી DBT થી ટ્રાન્સફર કરવામાં આવે છે.

ચાલુ વર્ષે વિજ્ઞાન પ્રવાહના અંદાજીત 1,7૦,૦૦૦ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવશે.

**પ્રશ્નઃ–૭ અમદાવાદ ગ્રામ્ય જિલ્લાની જે 11 શાળાઓમાં છેલ્લા છ મહિનામાં તપાસ થયેલ નથી તે શાળાઓમાં છેલ્લે કરેલ તપાસની વિગતો નીચે મુજબ છે .**

**(વિજ્ઞાનપ્રવાહ) ગ્રાન્ટેડ – સરકારી શાળાઓની માહિતી**

| ક્રમ | શાળાનુંનામ | શાળાનો પ્રકાર ગ્રાન્ટેડ / સરકારી/ નોન ગ્રાન્ટેડ | શાળામુલાકાતની તારીખ | ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહ કુલ સંખ્યા | ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ કુલ સંખ્યા | ધોરણ 11 વિજ્ઞાન પ્રવાહ હાજર સંખ્યા | ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહ હાજર સંખ્યા | શાળામાં કાર્યરત શિક્ષકો |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | જ્ઞાનદા ગર્લ્સ ઉ.મા શાળા | ગ્રાન્ટેડ | 19/1/2024 | 141 | 122 | 141 | 122 | **6** |
| 2 | આશિષ હિન્દી હાયર સેકન્ડરી સ્કૂલ | ગ્રાન્ટેડ | 06-02-2024 | 35 | 15 | 35 | 15 | 4 |
| 3 | ભાવના હાયર સેકન્ડરી વિદ્યાલય | ગ્રાન્ટેડ | 06-02-2024 | 23 | 28 | 23 | 28 | **4** |
| 4 | ભાવના ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કૂલ | ગ્રાન્ટેડ | 06-02-2024 | 21 | 19 | 21 | 19 | **6** |
| 5 | શિવમ વિદ્યાલય | ગ્રાન્ટેડ | 15/2/2024 | 47 | 75 | 44 | 75 | **4** |
| 6 | મંગલદીપ વિદ્યાલય | ગ્રાન્ટેડ | 18/01/2024 | 118 | 140 | 115 | 134 | 8 |
| 7 | અર્પણ એજ્યુકેશન હાયર સેકન્ડરી સ્કૂલ | ગ્રાન્ટેડ | 24/01/2024 | 44 | 64 | 41 | 61 | 4 |
| 8 | નવ સંસ્કાર હિન્દી હા.સે. સ્કુલ | ગ્રાન્ટેડ | 09-01-2024 | 17 | 16 | 15 | 15 | **2** |
| 9 | શ્રદ્ધા વિદ્યામંદિર | ગ્રાન્ટેડ | 30/1/2024 | 44 | 29 | 42 | 29 | **3** |
| 10 | બીપી દાવડા હાઇસ્કુલ ધોળકા | ગ્રાન્ટેડ | 25/01/ 2024 | 15 | 25 | 15 | 24 | 3 |
| 11 | મોહમ્મદી કોન્વેન્ટ હાઇસ્કુલ ધોળકા | ગ્રાન્ટેડ | 25/01/2024 | 34 | 39 | 32 | 35 | 4 |

- **ઉક્ત 11 શાળાઓમાં છેલ્લા છ માસમાં તપાસ ન થવાનું કારણ :**

  છેલ્લા છ માસ એટલે કે માર્ચ 2024 , એપ્રિલ 2024 , મે – 2024 , જૂન – 2024 , જુલાઇ – 2024 અને ઓગષ્ટ – 2024 .

ઉક્ત છ માસ પૈકી માર્ચ અને એપ્રિલ મહિનામાં બોર્ડની પરીક્ષા ને સંલગ્ન કામગીરી હોય તપાસની પ્રક્રિયા થયેલ નથી. મે માસ 06/05/2024 થી જૂન માસની 09/06/2024 તારીખ દરમ્યાન શાળા કક્ષાએ વેકેશન હોય તપાસ પ્રક્રિયા થયેલ નથી. 10/06/2024 જૂનથી નવું શૈક્ષણિક સત્ર શરૂ થતાં જીલ્લામાં આવેલી તમામ શાળાઓની નિરીક્ષક / તપાસની પ્રક્રિયા સમગ્ર વર્ષ દરમ્યાન તબક્કાવાર હાથ ધરાતી હોય છે.જેમાં સદર 11શાળાઓની સમાવેશ શૈક્ષણિક સત્ર શરૂ થયા બાદના બે મહિનામાં થઈ શકેલ નથી. આગામી સમયમાં સદર શાળાઓમાં તપાસની પ્રક્રિયા નિયમોનુસાર હાથ ધરી શકાશે.

**<u>અગ્રતા ક્રમઃ–(૫)</u>**

(૧) શ્રી અમિત શાહ (એલીસબ્રીજ)

(૨) ડૉ. પાયલબેન કુકરાણી (નરોડા)

(૩) શ્રી બાબુભાઇ જે.પટેલ (દસક્રોઇ)